ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૩-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

પક્ષપલટુઓ પ્રત્યેનો પ્રજાધર્મ

ચૂંટણીની મોસમ એટલે લોકશાહીનું મહામૂલું પર્વ. પ્રજાનું, પ્રજા માટે અને પ્રજા દ્વારા ચાલતું શાસનતંત્ર એટલે પ્રજાધર્મનું પર્વ. આપણાં શાસ્ત્રોમાં રાજધર્મ વિશે વીગતે ચર્ચા થઈ છે પરંતુ રાજા શાહીમાં પણ પ્રજાનું શ્રેય જ સર્વોચ્ચ અગ્રતાક્રમે રહેતું તે આપણને રામ અને યુધિષ્ઠિરથી લઈ અશોક અને અકબર ઉપરાંત આપણા વડોદરાનરેશ સયાજીરાવ ગાયકવાડ, ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહ તથા ગોંડલનરેશ ભગવતસિંહ જેવા રાજા-મહારાજાઓના શાસનમાં દૃષ્ટિગોચર થાય છે. લોકશાહીના યુગમાં તો પ્રજા પોતે જ શાસકો ચૂંટી મોકલતી હોય એ આદર્શ વધુ બુલંદ બની રહેવો જોઈએતો હતો, પરંતુ પરિસ્થિતિ એથી વિપરીત જોવા મળે છે. આપણી બહુપક્ષીય સંસદીય શાસન વ્યવસ્થામાં રાજકીય પક્ષો એમના ઢંઢેરા અને વિચારધારાઓ લઈ ચૂંટણીજંગમાં ઊતરતા હોય છે. કોંગ્રેસ સવાસો વર્ષ કરતાં વધુ સમયથી રાષ્ટ્રની સેવામાં સક્રિય છે. એની સામે શરૂનાં વર્ષોમાં સમાજવાદીર વિચારધારા અને સાંપ્રદાયિક વિચારધારા ધરાવતા નાના પક્ષો સક્રિય થયા હતા. પંડિત જવાહરલાલ નહેરુ સામે જયપ્રકાશ નારાયણ અને રામમનોહર લોહિયા જેવા સમાજવાદીઓ ઉપરાંત હિંદુરાષ્ટ્રની પ્રવક્તા હિંદુ મહાસભાના સાધુસંતોએ પડકાર ફેંક્યો હતો. મુસ્લિમ લીગના મોટા ગજાના નેતાઓએ પાકિસ્તાન મેળવી લીધું હતું છતાં દક્ષિણ ભારતના મુસ્લિમ બહુલ વિસ્તારોમાં એના અવશેષો રહી ગયા હતા. બીજી તરફ સામ્યવાદીઓ પણ બંગાળ અને કેરળ જેવાં રાજયોમાં પગપેસારો કરવા લાગ્યા હતા. બંધારણના ઘડવૈયા અને દલિતોના મસીહા ડો. બાબાસાહેબ આંબેડકરે રિપબ્લિકન પાર્ટી સ્થાપી હતી. અને પ્રખર રાષ્ટ્રીય નેતા, ભારતના પહેલા અને છેલ્લા ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીએ મુક્ત ખેતી- મુક્ત વેપારની હિમાયત કરતો સ્વતંત્ર પક્ષ સ્થાપ્યો હતો. કાળક્રમે કોંગ્રેસ જ ટકી રહી. પરંતુ કોંગ્રેસના રાષ્ટ્રવ્યાપી નેટવર્ક આગળ એમની પ્રજાકીય પહોંચ નહીંવત હતી. સમયાંતરે આ પરિસ્થિતિ બદલાતી ચાલી. કોંગ્રેસમાંથી જ જુદા પડેલા શ્યામાપ્રસાદ મુખર્જીએ ભારતીય જનસંઘની સ્થાપના કરી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહયોગથી જનસંઘનું સંવર્ધન થતું ગયું જે વચ્ચે જનતા પાર્ટીમાં વિલય પામ્યા પછી વળી પાછી ભારતીય જનતા પાર્ટી બની. રાષ્ટ્રીય પક્ષ તરીકે આજપર્યંત માત્ર કોંગ્રેસની સામે ભાજપ જ કાઠું કાઢી શક્યું છે. બીજા પ્રાદેશિક પરિબળો મોટા ભાગે કોગ્રેસ અને સમાજવાદનાં જ ફરજંદ છે. દક્ષિણભારતમાં દ્રવિડ પક્ષોનું વર્ચસ્વ સ્થપાયું છે. ચૂંટણીમાં એક જ પક્ષને સંપૂર્ણ બહુમતી મળતી તે સ્થિતિ ઘણાં વર્ષોથી નાબૂદ થઈ ગઈ છે. ગઠબંધન સરકારોનો યુગ શરૂ થયો છે ત્યારે પક્ષો અને વ્યક્તિઓ અનુકૂળતા મુજબ વફાદારી બદલતા રહે છે. પ્રજા સાથેનો આ દ્રોહ પક્ષપલટુ રાજકારણીઓને કે એવી હીણી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરતા પક્ષોને કોઠે પડી ગયો છે. ઊલટાના એવા લોકોને પક્ષપલટો કરાવ્યા પછી તાબડતોબ નવો પક્ષ પોતાના ઉમેદવાર બનાવીને સામા પક્ષને પડકારે છે. નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કર્યા પછી ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ અને જનતા દળ(યુ) તથા રાષ્ટ્રીય જનતા દળ જેવા વિરોધી પક્ષોમાં નોંધપાત્ર ભંગાણ પાડવામાં 'સફળતા' મેળવી છે. ઉત્તરપ્રદેશના વરિષ્ઠ કોંગ્રસી નેતા જગદંબિકા પાલ એકાદ માસ પહેલાં નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરતા હતા, એમને કોમવાદી કહી ભાંડતા હતા. આજે એ ડુમરિયાની બેઠકના ભાજપના ઉમેદવાર છે, જે કોંગ્રેસ એમને ફાળવવાની નહોતી. ઉતરાખંડના સતપાલ મહારાજને કોંગ્રેસ મુખ્યમંત્રી ન બનાવ્યા, નહીંતર એમને કંઈ ભારતીય જનતા પાર્ટી વહાલી નહોતી લાગતી. જદ(યુ)ના નેતા એન.કે. સિંહ અને સાબિર અલીને રાજયસભાની બીજી ટર્મ જોઈતી હતી, જે નીતીશકુમાર આપવા તૈયાર નહોતા. રામકૃપાલ યાદવ લાલુપ્રસાદના જમણા હાથ જેવા અનુયાયી હતા. એમને પાટલિપુત્રની બેઠક ન મળી એટલે સીધા જ ભાજપનો ખેસ પહેરી એની ટિકિટ લઈ આવ્યા. નરેન્દ્ર મોદી અને ભાજપને બેફામ ભાંડનારા આવા નેતાઓ ગુજરાતમાં પણ ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. સૌથી મોટું નામ વિઠ્ઠલ રાદડિયાનું ગણાય, પરંતુ સુરેન્દ્રનગર, બારડોલી અને ખેડાની બેઠકોના ભાજપના ઉમેદવારો પણ મૂળે કોંગ્રેસનો આયાતી માલ છે. જસવંતસિંહ જેવા વરિષ્ઠ નેતા અને અગાઉની એનડીએ સરકારના સંકટમોચકને રાતાં પાણીએ રોવડાવી આગલે દિવસે જ કોંગ્રેસમાંથી ઉપાડી લાવેલા કર્નલ સોનારામને બાડમેરની બેઠક પધરાવી દેવાઈ છે.

એ જ રીતે નાચણિયા-કૂદણિયા સિનેકલાકારોને પાર્ટીની વિચારધારાની બારાખડી પણ ન આવડતી હોય તે બારોબાર સંસદના ઉમેદવાર બની ગયા છે અને હરિન પાઠક જેવા પાયાના કાર્યકરો રખડી પડયા છે. પ્રજાને રાજકીય પાર્ટીઓ અને એમના કહેવાતા હાઈકમાન્ડના આવા નિર્ણય કઠે એ સ્વાભાવિક છે. એથી પ્રજાનો પાર્ટી પ્રત્યેનો સદ્‌ભાવ પણ ઘટી જતો હોય છે અને પોતાના દુખિયારા જનપ્રતિનિધિને થઈ રહેલ અન્યાય વિરુદ્ધ એનો આક્રોશ ફાટી નીકળે છે.

પ્રજા સ્વાર્થી રાજકારણીઓની ક્ષુલ્લક સત્તાલક્ષી ગણતરીઓ પ્રત્યે નફરત કરતી થઈ જાય છે. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન થવા માટે વારાણસી બેઠક લડવી જ પડે, એ થિયરી નથી તો વારાણસીના ભાજપના પાયાના કાર્યકરોના ગળે ઊતરતી કે નથી 'હર હર મોદી' વાળો નારો હિંદુધર્મના વડા જગદ્‌ગુરુ શંકરાચાર્યને કે ત્યાંની ધાર્મિક પ્રજાને સ્વીકાર્ય લાગતો. સત્તા ખાતર ખેલાતું રાજકારણ પ્રજાને પસંદ ન જ પડે. એથી એને આવા ત્રાગડા રચીને આયારામ-ગયારામ જેવા ઉમેદવારોને પોતાનો પવિત્ર મત આપવાનું પણ ન ગમે. ચૂંટણી પંચે આવી સ્થિતિમાં મતદાતા કોઈપણ ઉમેદવારને પોતાનો મત મેળવવા લાયક નથી ગણતો એવો અભિપ્રાય દર્શવિવા (નન ઓફ ધ એબાઉ- ઉપર પૈકીનો કોઈ નહીં. નું નવું બટન વોટિંગ મશીનમાં ઉમેરાવ્યું છે તે આવકારદાયક બાબત છે. પાર્ટી એક ખાસ વિચારધારા સાથે ચાલતી હોય એમાં તદ્દન વિરોધી વિચારસરણીના માણસોને ફક્ત એમની જીતી શકવાની ક્ષમતાના ધોરણે જ જોતરી દેવા અને પ્રજાના માથે મારવા એ પ્રજા સાથેની ખુલ્લી છેતરપિંડી છે. જગદંબિકાપાલ કે સોનારામ જેવા કોંગ્રેસ ગોત્રના નેતાઓ ભાજપની ટિકિટ પર ચૂંટાઈ ગયા પછી પણ ભાજપના રંગેરંગાઈ શકે એ વાતમાં માલ નથી. આજે તો એ ફક્ત હવા જોઈને કે પક્ષમાં પોતાની અવગણનાનું બહાનું કાઢીને પોતાની શરતે ભાજપ સાથે જોડાયા છે, પરંતુ પ્રજા તો એમનો ભૂતકાળ બરાબર જાણે છે. એ જ પ્રજાએ એમને જાકારો આપી પોતાની અસલી તાકાતનો પરચો બતાવી દેવાનો આ તકાજો છે. જો પ્રજા આવી તક ચૂકી જશે તો રાજકારણીઓ એને વરસોવરસ મૂર્ખ બનાવતા જ ફરશે, એમાં મીનમેખ નહીં!

જેરમી દ્વારા પર્યાવરણ આધારિત તાલીમ કોર્ષ હાથ ધરાયો

વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ આધારીત ઈ-કોર્ષ પણ લોન્ચ કરાયો : ૧લી એપ્રિલથી પ્રવેશ અરજીઓ સ્વીકારાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી

ખાતે ગુજરાત એનર્જી રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ (જેરમી) દ્વારા 'ફન્ડા મેન્ટલ્સ ઓફ સિસ્મીક ડેટા ઈન્ટરપ્રિટેશન એન્ડ ઈવેલ્યુએશન' વિષય પર તાલીમ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્ષમાં ઓઈલ અને ગેસ એકસ્પ્લોરેશન ક્ષેત્રે ૫૦ વર્ષનો અનુભવ ધરાવતા એન.સી.નંદાએ તાલીમ આપી હતી.

આ કોર્ષમાં કુલ ૨૮ યુવા જીઓલોજીસ્ટ, જીઓફીઝીશીસ્ટ, પેટ્રોલીયમ એન્જીનિયર્સ અને જીઓકેમિસ્ટે ભાગ લીધો હતો. આ તાલીમાર્થીઓ ઓઈલ અને ગેસ ક્ષેત્રે મોટી કંપનીઓ જેવી કે બીપીસીએલ, આઈઓસી અને જીએસપીસીએલમાંથી આવ્યા હતા. આ ઉપરાંત કોચીન યુનિવર્સિટીમાંથી પણ તાલીમાર્થીઓએ આ તાલીમ કોર્ષનો લાભ લીધો હતો. આ કોર્ષનું સમાપન કરાયા બાદ આઈએસઆરના ડાયરેટર જનરલ ડૉ. રસ્તોગી સાહેબ અને જેરમીના ડાયરેક્ટર ડૉ. ટી. હરિનારાયણના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

આ તાલીમ કોર્ષના અંતે જેરમી દ્વારા એન્વાયરોમેન્ટલ એન્જીનિયરીંગ માટે ટૂંકી મુદતનો ઈ-કોર્સ પણ લોન્ચ કરવામાં આવ્યો હતો. આ કોર્સ પ્રો. ડૉ. એન.એસ. વરંદાનીના વડપણ હેઠળ ૩ મોડયુલમાં વિભાજીત કરાયો છે. જેમાં દરેક મોડયુલ છ માસનું રાખવામાં આવ્યું છે. આ કોર્ષને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટનાઆધારે ડીઝાઈન કરવામાં આવ્યો છે. આ કોર્ષ માટે તા. ૧લી એપ્રિલથી પ્રવેશ અરજીઓ લેવાશે. તેમજ તા. ૧લી મેથી કોર્ષ શરૂ કરવામાં આવનાર છે. આ કોર્ષ માટે વેબસાઈટ **www.germi-env-ecourses.org** લોન્ચ કરવામાં આવી છે.

હરિની દૃષ્ટિ...



અરે, ત્યાં નહીં, આપણે વોટરે હવામાં ધડાકો કરવાનો છે...!!!

એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓનો સેવા યજ્ઞ

ગાંધીનગરના સે-૨ ઉમાંઆવેલ કડી સર્વવિદ્યાલય કેમ્પસની શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની સેવા સમિતિની વિદ્યાર્થીનીઓ દ્વારા સે-૩માં આવેલ ચાઈલ્ડ હેવન ઈન્ટરનેશનલ સંચાલિત 'ચિલ્ડ્રન હોમ'ના બાળકોને વિવિધ વસ્તુઓ આપી મદદ અને સેવાની ભાવના ખીલે તે માટે પ્રેરણા અપાઈ હતી. આ સેવા કાર્યમાં વિદ્યાર્થીઓએ કપડાં, અનાજ, સ્કુલબેગ, વોટરબેગ વગેરે જેવી વસ્તુઓ એકઠી કરી ચિલ્ડ્રન હોમના બાળકોને દાન કરી હતી. વિદ્યાર્થીનીમાં રહેલા સેવાના ગુણને શાળાના આચાર્યા અને શાળા પરિવારે બિરદાવ્યા હતાં.

નારી સરંક્ષણ ગૃહની મહિલાઓને પેપર બેગ બનાવવાની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૧૨ ખાતે આવેલ નારી સંરક્ષણ ગૃહ 'માતૃછાયા' દ્વારા સંસ્થાની આશ્રિત બહેનો માટે પેપર બેગ બનાવવાનો ૬ દિવસનો તાલીમ શિબિર યોજવામાં આવ્યો હતો. આ શિબિર ગ્રામીણ સ્વરોજગાર સંસ્થા અને પ્રયોશા મહિલા વિકાસ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના સહકારથી યોજવામાં આવ્યો હતો.

સંસ્થાની આશ્રિત મહિલા પોતાની આવડત કેળવી સ્વનિર્ભર થઈ શકે તેવા હેતુથી આ શિબિર યોજાયો હતો. શિબિરમાં મહિલાઓને પેપર બેગ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. 'માતૃછાયા'ની બહેનો પણ ખૂબ જ ઉત્સાહ અને ધગશથી ભાગ લઈ પેપર બેગ બનાવતા શીખી હતી.

ગુજકેટની માહિતી પુસ્તિકા-પીન નંબરનું વિતરણ કરાશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૮ મે ૨૦૧૪ના રોજ ગુજકેટની પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની માહિતી પુસ્તિકા અને પીન નંબરનું વિતરણ આગામી ૩૧મી માર્ચથી ૧પમી એપ્રિલ દરમિયાન કરવામાં આવશે. આ માટે શિક્ષણ બોર્ડ દ્વારા રાજયભરમાં ૪૨ વિતરણ કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આજે ધોરણ ૧૧ સાયન્સની હોલ ટિકિટનું વિતરણ કરાશે

ત્રીજી એપ્રિલથી ધોરણ ૧૧ સાયન્સના બીજા સેમેસ્ટરની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ : વિદ્યાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત બન્યા

અમદાવાદ, તા. ૨૫

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા લેવામાં આવનાર છે જેની હોલ ટિકિટોનુંવિતરણ ૨૫ માર્ચ ૨૦૧૪ના રોજ કરવામાં આવનાર હતું તેને બોર્ડ દ્વારા રદ કરી દેવામાં આવ્યું છે તેની જગ્યાએ હવે આવતીકાલે ધો. ૧૧ સાયન્સની પરીક્ષાની હોલ ટિકિટોનું વિતરણ કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ ૧૧ સાયન્સના બીજા સેમેસ્ટરની બોર્ડની પરીક્ષા આગામી ત્રીજી એપ્રિલથી લેવામાં આવનાર છે જેની હોલ ટિકિટનું વિતરણ ૨૫મી માર્ચે કરવાનો નિર્ણય કરાયો હતો. જો કે, સંજોગો વસાત શિક્ષણ બોર્ડે હવે ૨૫ માર્ચની જગ્યાએ આવતીકાલે હોલ ટિકિટોનું વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે જેની રાજયની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યએ પોતાના પ્રતિનિધિને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે સવારે ૧૧.૦૦થી ૪.૦૦ કલાક દરમિયાન મોકલીને પોતાની શાળાના વિદ્યાર્થીઓની હોલ ટિકિટ મેળવી લેવાની રહેશે ત્યારબાદ હોટલ ટિકિટ ઉપર આચાર્યના સહી સિક્કા કરીને શાળાના વિદ્યાર્થીમાં વિતરણ કરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષા દરમિયાન પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ સાથે રાખવી ફરજીયાત છે.

ગાંધીનગરમાં 'પપ્પાને પરણવું છે'

ગુજરાત રાજ્ય રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી મુંબઈના નાનાસાહેબ પાયગુડે દ્વારા લિખિત અને મોહનભાઈ પરમાર નિર્મિત-દિગ્દર્શીત એમ.કે. આર્ટનું સ્વચ્છ અને સામાજિક પારિવારીક નાટક 'પપ્પાને પરણવું છે' સે. ૧૨ના આંબેડકર હોલ ખાતે યોજાયું હતું. આ નાટકમાં તન્નાના જાણીતા કલાકારો નવીન રાવલ, હસમુખ મેકવાન, મુકેશ રાવ, દુષ્યંત પટેલ, અનમોલ ચર્તુવેદી અને ભારતી ખંડાગલે અભિનય આપ્યો હતો. આ નાટક ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને ઉદેપુર ખાતે પણ ભજવાઈ ચુક્યું છે.

યુથ હોસ્ટેલ્સ એસોસીએશનના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૫

યુથ હોસ્ટેલ્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના ગાંધીનગર યુનિટ-૧ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ વરણી મુજબ પ્રમુખ પદે ભરત મહંત, ચેરમેન પદે ચૈતન્ય નિમાવત, ઉપપ્રમુખ પદે મયુર મહેતા, પરાગ શુકલ અને આર.સેલ. સાવડીયા, માનદમંત્રી પદે જે.બી. સાધુ, ખજાનચી પદે પ્રિયંક પરમાર, સહમંત્રી પદે જગદીશ નાયી, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તરીકે યતીન કંસારા અને કલ્ચરલ સેક્રેટરી તરીકે વિશાલ પરમારની નિયુકિત કરાઈ હતી. આ ઉપરાંત કારોબારી સભ્યોમાં પૂજા વસાવડા, ડૉ. વર્ષાબેન પારેખ, સરોજનબેન ઝાલા અને ભરત પ્રજાપતિની વરણી કરવામાં આવી છે.

જીવનની દોડમાં, ક્યારે અટકશે થાક અવિરત? સાથી છે માંહાલો, કરશે મદદ છેક સુધી અવિરત!

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

દેખીને દાઝનારી દુનિયામાં જીવનારા માણસો વચ્ચે આપણે રહીએ છીએ. પ્રશ્ન એ નથી કે તેને આપણે અવગણીએ છીએ કે નહીં, પણ પ્રશ્ન એ છે કે તે બધાથી કોઈ અન્ય માર્ગને આપણે જાણીએ છીએ ખરા? કારણ કે અંધારાને વગોવવું એ તો સહેલો માર્ગ છે પણ તેની સામે દિપક ધરવો તેમાંજ મનુષ્યની આવડત છે. સદીઓથી ભારત ભૂમિ પર માનવ માત્રને પોતાના વિશે અને જગત વિશે જાણવાનો એક ચસકો લાગેલો છે. દુનિયા આખી આજે પણ આપણી સામે આશાની નજરે જોઈ રહી છે. અમને પણ જીવનની એવી જડીબુટ્ટી આપો કે જેથી અમે શાંતિ અને સમાધાનની નજીક જઈ શકીએ.. આપણી પાસે છે એક-એકથી ચડીયાતી જીવનશૈલીઓ. જેમાંની એક એટલે યૌગિક જીવનશૈલી.

પતંજલીએ યોગની વ્યાખ્યા આમ કરી છે- 'યોગઃ ચિત્તવૃત્તિનિરોધઃ । (પા.૧, સૂ.-૨)- ચિત્તની વૃત્તિનો નિરોધ તે યોગ. આમ જોઈએ તો વૃત્તિ નિરોધ એ ચિત્તનો સાર્વભોમ ધર્મ છે. દરેક માણસને આવો નિરોધ થતો હોય છે. માણસ એક વસ્તુને મેળવવા માટે ધારણ કરે, અન્યગામી પ્રયત્નોનો તે અર્થે સંયમ કરે, એમ કરતાં કરતાં એવી ક્ષણ આવે કે જયારે એની પ્રાપ્તિ માટેની વૃત્તિ શમે. તે ઘડીએ તેને આનંદ થાય છે. યોગશાસ્ત્ર-માનસવિદ્યા એમ કહે છે કે , આ આનંદનું કારણ તે માણસની ચિત્તવૃત્તિ તે ઘડીએ નિરોધ પામે છે. તે છે : તે વેળા થતા સમાધી સુખનો તે આનંદ છે. એટલે યોગ એ ચિત્તનો કોઈગૂઢ, વિરલ કે અવનવો અનુભવ નથી. તેથી કરીને યોગસૂત્રના ભાષ્યકાર પોતાના ભાષ્યના પ્રારંભમાં જ, ટૂંકમાં પણ સૂચક રીતે જમાવે છે : 'યોગઃ સમાધીઃ । સ ચ સાર્વભોમચિત્તસ્ય ધર્મઃ ।' - યોગ એટલે સમાધિ અને ચિત્તનો સાર્વભૌમ ધર્મ છે.'

જો દરેક આનંદ અનુભવનું માનસ યોગ એટલે ચિત્તવૃત્તિ નિરોધ છે, તો યોગશાસ્ત્ર જેવી વસ્તુ નથી રહેતી ,એમ જ કહેવું જોઈએ. આનો જવાબ યોગશાસ્ત્ર નિરોધના બે પ્રકારો પાડીને આપે છે. એક નિરોધ એવો છે કે જે ઉપર જણાવ્યું તે રીતે, વિના ખાસ સાધનાએ, થાય છે. આવા નિરોધથી અંતિમ આનંદાનુભવ નથી થતો. ચિત્તના જેમ અનેક ધર્મો છે, તેમ જ નિરોધ અર્થાત્ 'સમાધી' પણ એક ધર્મ છે. પરંતુ એ ધર્મને કેળવવો, ખીલવવો અને ધારી રીતે વાળીને કામમાં લેવો, એમાં યોગત્વ રહેલું છે, તો જ એ સાર્વભૌમ્ય ધર્મ યોગશક્તિ વ્યકત કરે છે અને એ જે કેળવણીની રીત, ચિત્ત સાધનાને તૈયાર કરવાનો માર્ગ, તેને જ યોગ કહેવામાં આવે છે.

ગીતાકાર યોગની વ્યાખ્યા એમ પણ કરે છે કે યોગઃ કર્મસુ કૌશલમ્ । યોગ એટલે કર્મો કરવાની કુશળતા. યોગ એ મનુષ્ય જીવન સફળ કરવાની કળા છે. યોગ આપણું અપ્રતિમ કેળવણી શાસ્ત્ર છે.

ગમે તેમ હોય, યોગનો દાવો મનુષ્યના અંગ પ્રત્યંગ વિચારી એની સર્વાંગીણ કેળવણી કેમ સધાય, તે રજૂ કરવાનો છે. આધ્યાત્મિક કેળવણીને અંગે એણે ખાસ વિચાર કરેલો છે એ ખરું, છતાં કેળવણી માત્રનું સાધન મનુષ્ય શરીર અને મનુષ્ય ચિત્ત છે. એટલે એને કેળવવાને જે યુક્યિઓ યોગે શોધી છે તે, કુશળ કેળવણીકારને હાથે, અન્ય ઉપયોગોમાં આણી શકાય.

યોગ સ્પષ્ટ જણાવે છે કે, કેળવણીનું સાધન સંયમ છે અને એ સાધનની પૂર્વપીઠિકા નિરોગી શરીર અને નૈતિક જીવન છે. યોગના અષ્ટાંગ પર ઉડતી નજર કરવાથી પણ આ વસ્તુ તો તરત જણાઈ જશે. આઠ અંગ (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધ્યાન (૭) ધારણા (૮) સમાધિ. તેમાનાં પ્રથમ બે અંગ માણસના નૈતિક જીવનને મુખ્યત્વે ઘડનારા અંગ છે. પછીના ૬ બે અંગ માણસનાં શરીરને સર્વાંગીણ તાકાત અને તંદુરસ્તી દેનાર છે. આજકાલ પ્રવર્તતી કસરતો સ્નાયુઓને કે બહુ તો શરીરના સાંધાને જ કેળવનારી હોય છે. કેટલીક શ્વાસોશ્વાસની કસરતો પણ જોવામાં આવે છે. પરંતુ નાડી તથા શરીરની ગ્રંથિઓને પહોંચનારી કસરતોનો અભાવ જ છે. યોગ જ એક એવું શાસ્ત્ર છે, કે જેમાં મનુષ્યનો સર્વાંગીણ વિચાર થયેલો જોવા મળે છે. શરીરને માટે કસરત છે એ ખરું. પરંતુ શરીર પોતે પાછું સાધન છે એ ભૂલવું ન જોઈએ. યોગનું પાંચમું અને છઠ્ઠું અંગ ચિત્તની કસરત છે. તે બે તથા ધ્યાન મળીને જ યોગ જે ને 'સંયમ' કહે છે. તે વસ્તુ બને છે. અને એ યોગનું ખાસ સાધન છે. પૂર્વનાં ચાર અંગોને માટે ઘડે છે તેથી કરીને યોગસૂત્રકાર તેને બહિરંગ કહે છે અને સંયમને અંતરંગ કહે છે. પાકૃત લોકો આ અંતરંગને મોટાભાગે 'યોગ' નામની ઓળખ અને બહિરંગને સામાન્ય નીતિધર્મ તથા આચાર ધર્મ કહે છે. પરંતુ એ બહિરંગ પણ યોગની આવશ્યકતા પૂર્વભૂમિકા છે. એ ઘણાના ખ્યાલમાં રહેતો નથી.

જીવન ઘડવા મથનારાને બરોબર ખબર છે કે કામ કેવું કપરું છે. તે કેવા ભારે ધીરજ, ખંત તથા અપ્રમાદ માગે છે. મનની વૃત્તોઓ નિર્જીવ નથી કે એક સ્થાપિતની પેઠે સામે પડેલા નકશા મુજબ તેમને ગોઠવી દઈ સુંદર કલાકૃતિ ઊભી કરી દઈએ. અરે, સ્થપિતને પણ જે જીવંત કાર્ય કરવાનું હોય છે તે કેવું કઠણ હોય છે! ત્યારે જીવન કળા તો ડગલેને પગલે જીવંત વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે. આપણા જીવનના અંગભૂત એવા રાગદ્વેષ, ઈચ્છા- અભિલાષાઓ અને કોણ જાણે ક્યાંય ને કેટલાય યુગોથી ચીરસંચીત થયેલા સંસ્કારો જોડે એને કામ પાડવાનું હોય છે. યોગસૂત્રકાર આ પ્રકારના જીવન કળા વિધાયકને બે જ સાધન બતાવે છેઃ વૈરાગ્ય અને અભ્યાસ. વૈરાગ્ય એટલે પોતાના જ અઘટિત દિશામાં વિકાસ માંગતા અંગ પર કાબૂ : પોતાના અંતઃકરણ પર નસ્તર મૂકવાની વાઢકાપ કળા. આ શાસ્ત્ર જેની પાસે ન હોય, તે આ કળામાં આગળ વધી જ ન શકે. મૂર્તિવેધાયક જો ટાંકણું જ ન લઈ શકે ને સામે પડેલાં સુંદર આરસ પર ચલાવવા જેટલો ઉદ્યત જ ન થઈ શકે તો? સાધક માટે વૈરાગ્ય અને અભ્યાસ એવા મહત્વના ઓજાર છે. તેટલી તત્પરતા વગર યોગકળા અપંગ બની જાય છે. એટલો 'સંયમ', એટલી તત્પરતા હોય તો પછી જ અભ્યાસ કામ દઈ શકે છે.